# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-12-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1) રાજ્ય સહિત દેશભરમાં નવા વર્ષ 2025ને આવકારવા લોકોમાં અનેરો ઉત્સાહ- લોકોની સલામતીને ધ્યાનમાં રાખીને રાજ્યભરમાં સઘન પોલીસ બંદોબસ્ત.
2) રાજ્યમાં પોલીસ પરવાનગી વગર 31મી ડિસેમ્બરની ઉજવણી કરતા સંચાલકો સામે કડક કાર્યવાહી કરાશે.
3) રાજ્યમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ડેન્ગ્યૂના કેસમાં ઘટાડો નોંધાયો.
4) આવકવેરા વિભાગે અમદાવાદના ખાનગી સમૂહ પાસેથી 10 કરોડ રૂપિયાના બિન-હિસાબી વ્યવહાર પકડી પાડ્યા.
5) સંત વીર મેઘમાયાની સ્મૃતિમાં ભારત સરકાર દ્વારા આજે રૂપિયા પાંચની સ્મૃતિ ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GANDHINAGAR 31ST POLICE ACTION PLAN

રાજ્ય સહિત દેશભરમાં નવા વર્ષ 2025ને આવકારવા લોકોમાં અનેરો ઉત્સાહ છે. રાજ્યના તમામ પર્યટક સહિતના મહત્વના સ્થળો પર લોકો 31મી ડિસેમ્બરની ઉજવણી કરવા પહોંચી ગયા છે ત્યારે લોકોની સલામતીને ધ્યાનમાં રાખીને રાજ્યભરની પોલીસે પણ વિશેષ વ્યવસ્થા કરી છે.

ગાંધીનગર પોલીસ આજે 31મી ડિસેમ્બરને ધ્યાનમાં રાખી શહેરના તમામ એન્ટ્રી અને એક્ઝિટ પૉઈન્ટ પર સઘન તપાસ હાથ ધરી રહી છે. ઇન્ફો સિટી અને ગિફ્ટ સિટી વિસ્તારમાં પોલીસ દ્વારા વિશેષ તપાસ કરાશે.

ઉપરાંત નશીલા પદાર્થના સેવન કરીને ગાડી ચલાવતા ચાલકો ઉપર પોલીસ ચાંપતી નજર રાખશે. છેલ્લા એક અઠવાડિયામાં પોલીસે કાળી પટ્ટી લગાવેલી 60થી વધુ ગાડીઓ જપ્ત કરી છે. આજે આખી રાત રેન્જ વડા, જિલ્લા પોલીસ અધિક્ષક સહિતનો સ્ટાફ તપાસ હાથ ધરશે. આ અંગે ગાંધીનગરના નાયબ જિલ્લા પોલીસ વડા ડી. ટી. ગોહિલે માહિતી આપી હતી.

**(બાઈટઃ ડી. ટી. ગોહિલ, DySP, ગાંધીનગર)**

# ARVALLI POLICE CHECKING

આ તરફ અરવલ્લીમાં જિલ્લા પોલીસ તંત્ર દ્વારા મોડી રાતથી જ મોડાસા સહિત તમામ તાલુકાઓમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં હાલ 29 જેટલી ચેકપોસ્ટ બનાવાઈ હોવાનું ASP સંજયકુમાર કેશવાલાએ જણાવ્યું હતું.

**(બાઈટઃ સંજયકુમાર કેશવાલા, ASP)**

# POLICE CHECKING DGP ADESH

રાજ્યભરમાં પોલીસ પરવાનગી વગર 31મી ડિસેમ્બરની ડીજે નાઈટની ઉજવણી કરતા સંચાલકો સામે કડક કાર્યવાહી કરવા રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે સૂચના આપી છે. શ્રી સહાયે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી આજે રાજ્યના તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાઓ સાથે બેઠક યોજી હતી.

દરમિયાન, તેમણે પોતાના જિલ્લામાં જાહેર માર્ગો તેમજ એન્ટ્રી-એક્ઝિટ પૉઈન્ટ પર બ્રિથ એનલાઈઝર સાથે સઘન તપાસ હાથ ધરવા જણાવ્યું છે. ડીજે નાઈટ ઈવેન્ટ સંચાલકો સાથે બેઠક યોજી જરૂરી તકેદાર રાખવા તેમજ કોઈ પ્રકારની પ્રોહિબિશન કે નાર્કોટિક્સ અંગેની ચીજવસ્તુ મળી આવે તો કડક કાર્યવાહી કરવા રાજ્ય પોલીસ વડાએ સૂચના આપી છે.

# GUJ. PEYJAL

રાજ્યમાં પેયજળની સમસ્યાઓના નિવારણ માટે કાર્યરત્ વેબસાઈટ પર ગત છ વર્ષમાં 99.92 ટકા રજૂઆતોનો ઉકેલ કરાયો છે.

સત્તાવાર યાદી મુજબ, રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં પેયજળને લાગતી સમસ્યાને ત્વરાએ નિકાલ લાવવા પાણી પૂરવઠા વિભાગ દ્વારા 1916 ટૉલ ફ્રી નંબર અને *www.watersupply.gujarat.gov.in* વેબસાઈટ અમલી બનાવવામાં આવી છે. રાજ્યમાં વર્ષ 2018થી ચોવીસ કલાક હેલ્પલાઈન સેન્ટર પણ કાર્યરત્ કરાયું છે.

આ સેન્ટર અને વેબસાઈટ પર અત્યાર સુધી નોંધાયેલી એક લાખ 82 હજાર 464 રજૂઆતો પૈકી એક લાખ 82 હજાર 331 રજૂઆતોનો ઉકેલ અને નિકાલ કરાયો છે. આ તરફ પાણી પૂરવઠા વિભાગ દ્વારા GIS મેપિંગ થ્રૂ મૉનિટરીંગ કરવા IoT સૉફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે. આ સૉફ્ટવેર પાણીના પ્રવાહનું નિરીક્ષણ અને વિતરણ કરતી વખતે ડેટા સંગ્રહ અને વિશ્લેષણના માધ્યમથી જળ સુરક્ષા, ગુણવત્તા અને તેની સ્થિરતાને સુનિશ્ચિત કરે છે.

# DENGUE CASES DECRESED IN STATE

રાજ્યભરમાં ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ડેન્ગ્યૂના કેસમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. સત્તાવાર યાદી મુજબ, આ વર્ષે નિદાન માટે ડેન્ગ્યૂના 2 લાખ 21 હજાર 358 નમૂના લેવાયા હતા, જેમાંથી સાત હજાર 820 કેસ પોઝિટિવ જણાતા આ વર્ષે ડેન્ગ્યૂનો સંક્રમણ દર 3.5 ટકા રહ્યો છે. જ્યારે ગયા વર્ષે આ દર 4.7 ટકા હતો.

આ ચોમાસાની ઋતુ દરમિયાન સંવેદનશીલ વિસ્તારોમાં 2 હજાર 460 લોકોની 492 વેક્ટર કન્ટ્રોલ ટીમે રોગ સર્વેક્ષણ અને પોરાનાશક સઘન કામગીરી હાથ ધરી હતી. ડેન્ગ્યૂના રોગને ધ્યાને રાખી રાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકા વિસ્તારમાં અઠવાડીક પોરાનાશક કામગીરી પણ હાથ ધરાય છે.

# AYURVED RAJYAPAL

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, "પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ઔષધીય વૃક્ષ અને છોડના વાવેતર માટે વિશેષ રૂચિ લે તે સમયની માગ છે." આયુર્વેદ વ્યાસપીઠ સંસ્થાના ગુજરાત રાજ્યના આગેવાનો સાથે ગાંધીનગરના રાજભવન ખાતે મુલાકાત દરમિયાન શ્રી દેવવ્રતે આ મુજબ જણાવ્યું હતું.

દરમિયાન, રાજ્યપાલશ્રીએ આયુર્વેદના આહારશસ્ત્રનું બાળકોને બાળપણથી જ શિક્ષણ અને સમજણ આપવા પર ભાર મૂક્યો હતો. આયુર્વેદની વિવિધ ચિકિત્સા પદ્ધતિઓ પર વૈજ્ઞાનિક સંશોધનો થવા જોઈએ, આયુર્વેદની પ્રેક્ટિસ કરતા વૈદ્ય આ માટે જરૂરી ડેટાબેઝ તૈયાર કરે અને આયુર્વેદથી થતી ચિકિત્સાનો યોગ્ય પ્રચાર પ્રસાર થાય તે માટે પણ રાજ્યપાલશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું.

# AMDAVAD IT DARODA

આવકવેરા વિભાગ દ્વારા અમદાવાદમાંથી ડોસાણી ગૃપ પાસેથી 10 કરોડ રૂપિયાના બિન-હિસાબી વ્યવહારો પકડી પાડવામાં આવ્યા છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, આવકવેરા વિભાગે શહેરના સરખેજ વિસ્તારમાં આવેલા કૉલસો અને ન્યૂટ્રી ફૂડના વ્યવસાય સાથે સંકળાયેલા ડોસાણી ગૃપની ત્રણ કચેરી અને ત્રણ રહેણાકના સ્થળોને મળી કુલ 6 સ્થળ પર તપાસ હાથ ધરી હતી. દરમિયાન 2 કરોડ રૂપિયાની રોકડ, એક કરોડ 50 લાખ રૂપિયાના ઘરેણાં મળી આવ્યા હતા.

ઉપરાંત ડોસાણી ગૃપની દુબઈમાં પાંચ કરોડ રૂપિયાની મિલકત હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે.

# GST CHORI

રાજ્ય વસ્તુ અને સેવા કર- GST વિભાગે અમદાવાદમાં ભંગારના વેપારીઓ પાસેથી એક કરોડ 86 લાખ રૂપિયાની કરચોરી પકડી પાડી છે.

સત્તાવાર યાદી મુજબ, GST વિભાગની અન્વેષણ શાખાને મળેલી માહિતી અને આનુશાંગિક સંશોધનના આધારે 24 ડિસેમ્બરે અમદાવાદના ભંગારના વેપાર સાથે સંકળાયેલા 2 વેપારીઓને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન 300 ટનથી વધુનો બિન-હિસાબી સ્ટૉક અને વેચાણ જેવી કેટલીક અનિયમિતતા ધ્યાને આવી હતી.

# PATAN TAPAL TIKIT

પાટણના સહસ્ત્રલિંગ સરોવરમાં અંદાજે એક હજાર વર્ષ પહેલા જનહિતાર્થે પોતાના દેહનું બલિદાન આપનારા સંત વીર મેઘમાયાની સ્મૃતિમાં ભારત સરકાર દ્વારા આજે રૂપિયા પાંચની ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, અમદાવાદની શાહીબાગ ટપાલ કચેરી ખાતે અમદાવાદના પૂર્વ સાંસદ ડૉ. કિરિટ સોલંકી અને અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવની ઉપસ્થિતિમાં આ ટિકિટનું વિમોચન કરાયું હતું.

**(બાઈટઃ કૃષ્ણકુમાર યાદવ, પોસ્ટમાસ્ટર જનરલ, અમદાવાદ)**

ઉલ્લેખનીય છે કે, આ ટપાલ ટિકિટ માટે અમદાવાદના પૂર્વ સાંસદે વર્ષ 2022માં લોકસભામાં રજૂઆત કરી હતી.

# MAHESANA - MAHILA JAGRUTI

મહેસાણાની દૂધસાગર ડેરી ખાતે મહિલા જાગૃતિ અભિયાન અંતર્ગત વિજાપુર અને માણસા તાલુકાના પશુપાલકો સાથે કાર્યક્રમ યોજાયો હતો, જેમાં આત્મનિર્ભર પશુપાલકોને લક્ષ્યની સાથે હિતલક્ષી લાભ અંગે માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# PALANPUR - MILKAT AAKARNI

બનાસકાંઠાની પાલનપુર નગરપાલિકા દ્વારા વર્ષ 2025-26 માટે મિલકતોની આકારણી કરવાનું આયોજન હાથ ધરાયું છે. નગરપાલિકાના અધિકારી મિલકત ધારકોની મુલાકાત લઈ માહિતી એકત્રિત કરશે. ઉપરાંત કોઈ નાગરિકને આકારણી અંગે વાંધો હોય તો દસ્તાવેજી પુરાવા સાથે નગરપાલિકામાં રજૂઆત કરી શકશે. મિલકતધારકોને આ કામગીરીમાં સહકાર આપવા નગરપાલિકા દ્વારા અનુરોધ કરાયો છે.

# BHAVNAGAR - RANJI TROPHY

ભાવનગરની નંદકુંવરબા મહિલા મહાવિદ્યાલયનાં વિદ્યાર્થિની નયના સરવૈયા રણજી ટ્રોફી સમાન અંડર- 23 ક્રિકેટ ટૂર્નામેન્ટમાં સૌરાષ્ટ્રની ટીમમાં પસંદગી પામ્યાં છે. નયના સરવૈયાએ સંસ્કાર મંડળ ક્રિકેટ અકાદમીમાં વધુ તાલીમ લઈ રણજી ટ્રોફીની અંડર - 23ની ટીમમાં સ્થાન નિશ્ચિત કર્યું છે.

ઉલ્લેખનીય છે કે, બેચલર ઑફ આર્ટ્સના બીજા વર્ષમાં ભણતાં નયના સરવૈયા બે વર્ષથી આંતર વિશ્વવિદ્યાલયમાં પણ સારું પ્રદર્શન કરી રહ્યાં છે.

ડાબા હાથે બેટીંગ અને જમણા હાથે બોલિંગ કરતાં આ ખેલાડીનું સપનું ભારતીય ટીમમાં સામેલ થવાનું અને બોર્ડ ઑફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા- BCCIની પ્રીમિયર લીગ રમવાનો પણ છે.